RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 129 * Date: 28.02.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સેવામાં કોઈ ભૂલ થઈ હોય તો માફ કરજોઃ મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજમાં સંપન્ન થયેલાં મહાકુંભને લઈને એક બ્લોગ લખ્યો છે. જેમાં તેમણે આ આયોજનને એકતાનો મહાકુંભ કહ્યો છે. વડાપ્રધાને કહ્યું કે, સમાજના દરેક વર્ગ અને દરેક ક્ષેત્રના લોકો મહાકુંભમાં એક થઈ ગયાં. આ આયોજનની સફળતાને લઈને તેઓ સોમનાથ દર્શ માટે જશે અને દરેક ભારતીયો માટે પ્રાર્થના કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના બ્લોગમાં લખ્યું કે, 'મહાકુંભ સંપન્ન થયો. એકતાનો મહાયજ્ઞ સંપન્ન થયો. પ્રયાગરાજમાં એકતાના મહાકુંભમાં સંપૂર્ણ ૪૫ દિવસ સુધી જે પ્રકારે ૧૪૦ કરોડ દેશવાસીઓની આસ્થા એકસાથે, એક સમયે આ એક પર્વથી આવીને જોડાઈ, આ અદ્ભુત છે! મહાકુંભના પૂર્ણ થતાં જે વિચાર મનમાં આવ્યો તેને મેં લખવાનો પ્રયાસ કર્યો છે.' પોતાના આ બ્લોગમાં વડાપ્રધાન મોદીએ જનતાની માફી પણ માંગી છે.

મોદીએ બ્લોગમાં લખ્યું કે, 'મહાકુંભ સંપન્ન થયો. એકતાનો મહાયજ્ઞ સંપન્ન થયો. હવે એક રાષ્ટ્રની ચેતના જાગૃત થઈ છે, જ્યારે તે સેંકડો વર્ષની ગુલામીની માનસિકતાના તમામ બંધનોને તોડીને નવા ચૈતન્ય સાથે હવામાં શ્વાસ લેવા લાગે છે, તો આવું જ દ્રશ્ય ઉત્પન્ન થાય છે, જેવું આપણ ૧૩ જાન્યુઆરી બાદથી પ્રયાગરાજમાં એકતાના મહાકુંભમાં જોયું. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસે અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં મેં દેવભક્તિ સાથે દેશભક્તિની વાત કહી હતી. પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન દેવી-દેવતા જોડાયા, સંત-મહાત્મા જોડાયા, બાળકોથી લઈને વડીલો જાડાયા, મહિલા-યુવા જોડાયા અને આપણે દેશની જાગૃત ચેતનાને સાક્ષાત્કાર કરી. આ મહાકુંભ એકતાનો મહાકુંભ હતો, જ્યાં ૧૪૦ કરોડ દેશવાસીઓની આસ્થા એકસાથે એક સમયે આ પર્વ સાથે જોડાઈ હતી.'

તેમણે આ વિશે વધુમાં લખ્યું કે, 'તીર્થરાજ પ્રયાગના આ વિસ્તારમાં એકતા સમરસતા અને પ્રેમનો પવિત્ર વિસ્તાર શ્રૃંદવેરપુર પણ છે, જ્યાં પ્રભુ શ્રીરામ અને નિષાદરાજનું મિલન થયું હતું. તેમના મિલનનો આ પ્રસંગ પણ આપણાં ઈતિહાસમાં ભક્તિ અને સદ્ભાવના સંગમની જેમ છે. પ્રયાગરાજનું આ તીર્થ આજે પણ આપણને એકતા અને સમરસતાની પ્રેરણા આપે છે. જે પ્રકારે એકતાના મહાકુંભમાં દરેક શ્રદ્ધાળુ, પછી ભલે તે ગરીબ હોય કે સંપન્ન હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, દેશ-વિદેશથી આવ્યા હોય, ગામ કે શહેરના હોય, પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણથી હોય, કોઈપણ જાતિનું હોય, કોઈપણ વિચારધારા હોય, તમામ એક મહાયજ્ઞ માટે એકતાના માહકુંભમાં એક થઈ ગયાં. એક ભારત-શ્રેષ્ઠ ભારતનું આ ચીર સ્મરણીય દ્રશ્યસ કરોડો દેશવાસીઓમાં આત્મવિશ્વાસના સાક્ષાત્કારનો મહાપર્વ બની ગયો. હવે આ પ્રકારે આપણે એક થઈને વિકસિત ભારતના મહાયજ્ઞ માટે જોડાઈ જવાનું છે.'આ સિવાય વડાપ્રધાને લોકોની માફી માંગતા કહ્યું કે, 'હું જાણું છું કે, આટલું વિશાળ આયોજન સરળ નહતું. હું મા ગંગા, મા યમુના, મા સરસ્વતીને પ્રાર્થના કરૂ છું કે, મા અમારી આરાધનામાં કોઈ કમી રહી ગઈ હોય તો માફ કરજો...! જનતા જનાર્દન, જે મારા માટે ઈશ્વરનું જ સ્વરૂપ છે, શ્રદ્ધાળુઓની સેવામાં જો અમારા તરફથી કોઈ કમી રહી ગઈ હોય તો હું જનતા જનાર્દનની માફી માંગુ છું.'

## ડાંગ જિલ્લામાં ધોરણ ૧૦-૧૨ બોર્ડના ૫૦૭૮ વિદ્યાર્થીઓની પરીક્ષાનો શુભારંભ

આહવા

રાજ્યની સમસ્ત જેમ ડાંગ જિલ્લામાં પણ આજે તારીખ ૨૭ ફેબ્રુઆરી થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે.ત્યારે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા માનસિક તણાવ વિના, સ્વસ્થ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ પરીક્ષા સેન્ટરો ઉપર ભયમુક્ત અને સ્વસ્થ વાતાવરણનું નિર્માણ કરવામાં આવેલ છે. ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીગ્નેશ ત્રિવેદી સહિત સ્થાનિક પદાધિકારીઓએ આજે પ્રથમ દિવસે ઠેર ઠેર પરીક્ષા કેન્દ્રો ઉપર કુમકુમ તિલક કરી પરીક્ષાર્થીઓનું ઉમેળકાભેર સ્વાગત કર્યુ હતું. આ સાથે જ આહવા સરકારી માધ્યમિક શાળા ખાતે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીગ્નેશ ત્રિવેદીએ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારો દેખાવ કરે અને શાંતિપૂર્વક વાતાવરણમાં નિર્ભયતાથી પરીક્ષા આપે તેવી શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ડાંગ જિલ્લામાં પ્રથમ દિવસે ધોરણ ૧૦ માં કુલ ૧૧ કેન્દ્રોના ૧૪ બિલ્ડીગના ૧૩૩ બ્લૉક પર ૩૦૭૫ વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી.



તંત્રી લેખ

# સોયાબીનના ભાવ સપોર્ટ પ્રાઈસથી નીચા જથ્થો બજારમાં નહિં વેંચવાનો અનુરોધ

દેશમાં તેલબિયાં બજારમાં તાજેતરમાં સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. સરકાર દ્વારા સોયાબીનની ખરીદી આ પૂર્વે નોંધપાત્ર થઈ હતી અને સરકાર પાસે સોયાબીનનો સ્ટોક પણ ખાસ્સો જમા થયો છે. તાજેતરમાં એવી વાતો ચર્ચાતી થઈ હતી કે સરકાર કદાચ સોયાબીન વેંચવા બજારમાં આવશે.

આ વિશે ધી સોયાબીન પ્રોસેસર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ સરકારને એવી વિનંતી કરવામાં આવી છે કે સરકારે હાલના તબક્કે બજારમાં સોયાબીનનું વેંચાણ કરવું જોઈએ નહિં. સરકારે પ્રાઈસ સપોર્ટ સ્કીમ હેઠળ આ સોયાબીન આ પૂર્વે ખરીદયા હતા. આ જથ્થો સરકારે જુલાઈ પછી જ વેંચવો જોઈએ એવી રજૂઆત એસોસીએશન દ્વારા સરકારને કરવામાં આવી છે.

સોયાબીનના બજાર ભાવ ઉત્પાદક મથકોએ ટેકાના ભાવથી નીચા ચાલી રહ્યા છે તેવે વખતે સરકાર પોતાની પાસે પડેલો જથ્થો બજારમાં વેંચવા કાઢશે તો બજાર પર દબાણ વધશે અને સોયાબીન ઉગાડતા ખેડૂતોને પણ ફટકો પડશે એવી શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. આની અસર ખરીફ વાવેતર પર પણ પડવાની શક્યતા બજારમાં બતાવાઈ રહી હતી.

સરકાર હસ્તકના નેશનલ એગ્રલ્લ્ચરલ કોઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન નાફેડના સૂત્રોના જણાવ્યા મુજબ ખરીફ માર્કેટ મોસમ ૨૦૨૪-૨૫માં સરકારે કિવ.ના રૂ.૪૮૯૨ના ટેકાના ભાવોએ આશરે ૧૪થી ૧૫ લાખ ટન સોયાબીનની ખરીદી કરી છે. આ પૈકી ૮થી ૯ લાખ ટન સોયાબીનની ખરીદી મહારાષ્ટ્રમાંથી કરાઈ હતી જ્યારે આશરે ૪ લાખ ટન સોયાબીનની ખરીદી મધ્ય-પ્રદેશમાંથી કરવામાં આવી હતી. સરકારી અંદાજ મુજબ દેશમાં સોયાબીનનો પાક ૧૩૩થી ૧૩૪ લાખ ટન આસપાસ આવવાની શક્યતા છે જે પાછલા વર્ષે ૧૩૦થી ૧૩૧ લાખ ટન આસ પાસ આવ્યો હતો. સરકારને હાલતુરંત સોયાબીન નહિં વેંચવાની વિનંતી કરતો પત્ર એસોસીયેશન દ્વારા કેન્દ્રના કૃષી મંત્રાલયને પાઠવવામાં આવ્યો છે.

# ગુજરાત સરકાર એસસી- એસટી- ઓબીસી- માઈનોરીટી સમાજ પછાત જ રહે તેનું ષડયંત્ર કરી રહી છે: શ્રી અમીત ચાવડા

ગુજરાતની ભાજપ સરકાર દ્વારા ઓબીસી, એસસી, એસટી તેમજ માઈનોરીટીના બોર્ડ-નિગમોને દર વર્ષે બજેટ ફાળવણીમાં થતા અન્યાય અંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમીત ચાવડાએ પ્રેસ મિડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ×છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપ સત્તામાં છે. અમે દર વર્ષે ગુજરાત સરકારને રજૂઆત કરીએ છીએ કે રાજ્યમાં ૫૨ ટકા વસ્તી ઓબીસી સમાજની છે, ૭ ટકા વસ્તી અનુસુચિત જાતિની, ૧૪ ટકા વસ્તી આદિવાસી સમાજની છે, ૯ ટકા વસ્તી લઘુમતી સમાજની છે. આ સમાજો આર્થિક-સામાજિક- ભૌગોલિક રીતે પછાત છે. ત્યારે એ સમાજોનું બજેટમાં વિશિષ્ટ ધ્યાન રાખવાનું હોય, આ સમાજોના આર્થિક ઉત્થાન થાય, તેમના દીકરા- દીકરીઓના રોજગાર માટે, સુવિધાઓ મળે તે માટે વખતોવખત બોર્ડ- નિગમો ઘડવામાં આવ્યા છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ દસ જેટલા બોર્ડ૦ નિગમો કાર્યરત છે. તેમાંથી ૯ બોર્ડ નિગમો લગભગ ૮૨ ટકા વસ્તી માટે છે, દસમું બોર્ડ નિગમ બિનઅનામત આયોગ બનાવવામાં આવ્યુ છે.

દર વર્ષે બજેટની ફાળવણી જોઈએ તો સૌનો સાથ સૌનો વિકાસની વાતો કરનારી સરકાર એસી-એસટી-ઓબીસી અને માઈનોરીટી સમાજને અન્યાય કરે છે. નવ બોર્ડ- નિગમો કે જે ૮૨ ટકા વસ્તી માટે બન્યા છે તેમને આ સરકારે ૧૭૭ કરોડ રૂપિયા ૨૦૨૩માં લોન પેટે ફાળવ્યા, જેમાં સહાય ફક્ત ૧૯ કરોડ રૂપિયા, તો વણવપરાયેલી રકમ ૫૦ કરોડ એટલે કે ૨૮ ટકા રકમ વણવપરાયેલી પડી રહી. તેની સામે દસમું બોર્ડ એટલે કે બિનઅનામત આયોગ છે એને સરકારે ૨૦૨૩ માં ૬૨૫ કરોડ રૂપિયા લોન આપી. ૮૨ ટકા વસ્તી માટેના બોર્ડ નિગમોને ૧૭૭ કરોડ આપવામાં આવે અને ૧૮ ટકા વસ્તી માટેના બોર્ડ નિગમને ૬૨૫ કરોડ આપવામાં આવે અને તેમાં પણ ફક્ત ૬ ટકા રકમ જ વણવપરાયેલી પડી રહી છે.× શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ×તે જ રીતે ૨૦૨૪ માં એકથી નવ બોર્ડ ન્ગીમોને ૨૩૭ કરોડ રૂપિયા રકમ ફાળવવામાં આવી, ૧૯ કરોડની સહાય આપવામાં આવી. વણવપરાયેલી રકમ ૧૧૧ કરોડ રૂપિયા છે, એટલે કે ૪૭ ટકા રકમ વણવપરાયેલી પડી રહી છે. ઓછા પૈસા ફાળવવામાં અને અડધી તો વણવપરાયેલી પડી રહે. બિનઅનામત આયોગને ૨૦૨૪ માં ૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા, ૭૫ કરોડની સહાય અપાય છે. ૫૭૫ કરોડ સામે વણવપરાયેલી રકમ ૧૯ કરોડ એટલે કે ત્રણ ટકા જ રહે છે. દસમાં નિગમને વધારે સહાય ને લોન આપવાની અને વણવપરાયેલી રકમ ઓછી.

અહી કોઈનો વિરોધ નથી, બિનઅનામત આયોગને હજુ વધારે રકમ આપે તો પણ વાંધો ના હોઈ શકે.





શિવરાત્રીના પાવન ઉત્સવ નિમિત્તે પાલડી વિસ્તારની સરસ્વતી સોસાયટીમાં આવેલ ઓમકારેશ્વર મહાદેવ ના મંદિરમાં સરસ્વતી ટ્રસ્ટ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી જેના ભાગરૂપે શિવયાત્રા તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.સ્કૂલ બોર્ડ ચેરમેન ડૉ. સુજયભાઈ મહેતા હાજર રહ્યા હતા.

# ગણપત યુનિવર્સિટીના નર્સિંગ ઈન્સ્ટિટયૂટ દ્વારા પૂરી ગરિમા સાથે ઉજવાયો " લેમ્પ લાઈટિંગ અને શપથવિધિ સમારોહ. "

ગણપત યુનિવર્સિટીના કુમુદ એન્ડ ભૂપેશ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ દ્વારા વિદ્યાર્થીઓ માટે લેમ્પ લાઈટિંગ અને શપથવિધિ સમારોહ તાજેતરમાં સફળતાપૂર્વક સંપન્ન થયો. પ્રેમ અને કરુણા સભર ફરજ બજાવવા માટે સજ્જ થયેલા નર્સિંગના વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવા ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી ગણપતભાઈ પટેલ-દાદા, શ્રીમતી મંજુલાબેન પટેલ-દાદી નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટના દાતા અને સંસ્થાના ટ્રસ્ટી માનનીય શ્રી ભુપેશભાઈ પરીખ આ પાવન અવસર ઉપર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અમેરિકા સ્થિત ઓન્કોલોજીસ્ટ અને આ અવસરના વિશેષ મહેમાન અને યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નર્સના સભ્ય ડો. શ્રી ગિરીબાળાબેન પટેલે વિદ્યાર્થીઓને નર્સિંગ ના વ્યવસાય અંગે મૂલ્યવાન માર્ગદર્શન આપ્યું હતું. લેમ્પ લાઈટિંગ અને શપથવિધિના આ કાર્યક્રમનું નર્સિંગના વિદ્યાર્થીઓની કારકિર્દીમાં કેટલું મહત્વનું સ્થાન છે તે સમજીને સરકારશ્રીના મહત્વના હોદ્દેદારો પણ ખાસ આ ઉજવણીમાં સહભાગી બન્યા હતા, જેમાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર ડો. શ્રી પ્રજ્ઞાબેન ડાભી તેમજ મદદનીશ મહા નિર્દેશક ( એડીજી ) નર્સિંગ, ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ભારત સરકાર )ડો. શ્રી અર્ચલાજીનો પણ સમાવેશ થાય છે. તેઓશ્રી આ કાર્યક્રમમાં ઓનલાઈન સહભાગી થયા હતા. ગણપત યુનિવર્સિટીના ગ્રુપ પ્રો ચાન્સેલર પ્રો. ડો. શ્રી મહેન્દ્ર શર્મા ઉપરાંત યુનિવર્સિટીના બીઓજી સભ્ય તેમજ ડિપ્લોમા કોલેજના દાતા માનનીય શ્રી બેચરભાઈ પટેલ, પલિયડની એસ. જે. સાર્વજનિક હોસ્પિટલના મંત્રી શ્રી કનુભાઈ પટેલ, અમેરિકાની કેલિફોર્નિયા ખાતેની કેસર હોસ્પિટલના એમડી ડો. શ્રી દિનેશ પટેલ, શ્રીમતી વર્દા પટેલ, યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર ડો. આર. કે. પટેલ, એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર ડૉ.ગિરીશભાઈ પટેલ, યુનિવર્સિટીના નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટના વડા ડો. કરપાગવલ્લી નાગેશ્વરન સહિત અનેક પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ અને અન્ય આમંત્રિત મહેમાન મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી

# નેપાળ-લુમ્બિની શબ્દ પ્રતિભા બહુક્ષેત્રીય સમ્માન ફાઉન્ડેશન દ્વારા , વર્ષ-૨૦૨૫ વિશ્વ પ્રતિભા આંતરરાષ્ટ્રીય સન્માન



નેપાળ સ્થિત - શબ્દ પ્રતિભા બહુક્ષેત્રીય ફાઉન્ડેશન( રજી)નાશ્રી આનંદગિરિ માયાલુજીની અધ્યક્ષતામાં, વિશ્વ પ્રતિભા આંતર રાષ્ટ્રીય સન્માન-૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ. સાહિત્યિક ગતિવિધિ, હિન્દી ભાષાના સંરક્ષણ સંવર્ધન ને નેપાળ- ભારત મૈત્રી તથા સંસ્કૃતિ વિનિમય માટે અગ્રેસર વિભિન્ન ક્ષેત્રોની , અંતર રાષ્ટ્રીય સ્તરની, નેપાળ, ભારત , તાન્જાનિયા તથા અમેરિકાથી આવેદીત, દેશ- વિદેશની , સાત હજાર જેટલી પ્રતિભાઓમાંથી , એક સો પ્રતિભાઓને , ગૌરવશાળી સમારોહ માટે, ૨૨ ફેબ્રુઆરી,૨૦૨૫ એ, નેપાળની પાવન ભૂમિ લુંબિનીમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. ગુજરાતના ખેડા જિલ્લાની બે રત્ન પ્રતિભાઓ સર્વશ્રી- ગામ-કાલસરના, હાલ ગાંધીનગરમાં , મુખ્ય પ્રધાનશ્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા , હિન્દી તથા ગુજરાતી નવલકથા લેખક, ડૉ. જશભાઈ નારણભાઈ પટેલને, સમારોહમાં મંચસ્થ સ્થાન સાથે, બહુમાન કરેલ. તેમના અનુવાદિત ગ્રંથ “મહાનાયક કૌણ્ડિન્ય”નું પણ આ સમારોહમાં, મુખ્ય અતિથીઓના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ.

બીજા છે રમેશ પટેલ “આકાશદીપ” ગામ મહિસા( તા. મહુધા) , હાલ બૃહદ લોસએન્જેલસ, ગુજરાત સિનિયર્સ ફ્રેન્ડ સર્કલ,(ય્જીહ્લઝ્ર) ને બે એરિયા, કેલિફોર્નિઆ( અમેરિકા) સ્થિત , ત્રણ વાર ગ્રીનીચ વિશ્વ વિક્રમી પુસ્તકમાં, કૃતિ વડે સહભાગી બનવાની સિધ્ધિ ધરાવનાર ડાયસ્પોરા સર્જક.

અધ્યક્ષશ્રી આનંદગિરિજીએ,સમારંભમાં, વિશેષ કારણે એમની અનઉપસ્થિતિમાં, એમને બિરદાવતા સંદેશમાં કહેલ કે - વિષય વસ્તુ, લય, પ્રભાવશાલીતા અને અભિવ્યક્તિ થકી, ચયન સમિતિની ઉત્કૃષ્ટ રચનાઓમાં સ્થાન પ્રાપ્ત કરનાર સર્જક રમેશ પટેલને, આજે સમારોહમાં ઉપસ્થિત ૫૩-મહિલા અને ૪૭-પુરુષ-પ્રતિભાઓ સાથે, ગોલ્ડ મેડલ, ૭૭૩ સાઈઝ કલર પ્રમાણ પત્ર, વિશ્વ પ્રતિભા આઈ ડી કાર્ડ, વુડન મોમેંન્ટો, નેપાળી ટોપી, રૂદ્રાક્ષની માળા ને અંગવસ્ત્ર , આપતાં સંસ્થા ખૂબ જ ગૌરવ અનુભવે છે. સમગ્ર વિશ્વમાંથી હિન્દી ભાષામાં સર્જન કરનારા ઉત્તમ, સાહિત્યકારો ને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કવિ, સાહિત્યકારોને સન્માનવાની, સંસ્થાને તક આપવા બદલ, સૌના આભાર સાથે , કાર્યક્રમને સંપન્ન થયેલ જાહેર કરેલ.

# આજથી પ્રારંભ થતી એસ.એસ.સી તથા એચ.એસ.સીની પરીક્ષાર્થી ઓ ને કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ પ્રમુખશ્રી સી સી શેઠ,ચિફ કમિશ્નરશ્રી અતુલભાઈ દીક્ષિત ભારત સ્કાઉટ ગાઈડ સંઘ,જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મીતાબેન ગઢવીએ ગુલાબ ફુલ અને સાકાર ખવડાવી શુભેચ્છાઓ પાઠવી

ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક બોર્ડની આજરોજથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે, ત્યારે જૈનાચાર્ય આનંદઘનપુરી વિદ્યાલય હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ વિદ્યાર્થીઓને સાકર, પુષ્પ અને ત્રિલક કરી સફળ પરીક્ષા અને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે તમે જે મહેનત અને પ્રયત્નો કર્યા છે, તે ચોક્કસપણે તમારા પરિણામોમાં દેખાશે. આ પરીક્ષા તો માત્ર એક મુકાબલો છે. તમે જરાય ડરશો નહી. પરીક્ષામા બધું જ આવડશે અને સાચું લખીને પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીશ તેવો આત્મવિશ્વાસ તમારા મનમાં હંમેશા રાખજો.બોર્ડની પરીક્ષામાં વિધાર્થીઓ ભયમુક્ત થઈ પરીક્ષા આપે તેવી શુભકામના પાઠવું છું. ઉપરાંત વિધાર્થીઓને કઈ અગવડતા ન રહે તે માટે જિલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. તેમજ પરીક્ષા દરમ્યાન સતત વીજપુરવઠો જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવ્યું છે. દરેક સેન્ટર પર સીસીટીવી કેમેરા, પોલીસ ગાર્ડ, ઝોનલ કચેરી/સ્ટ્રોંગરૂમ ઉપર પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા, પરીક્ષા દરમ્યાન કોઈ વિદ્યાર્થી અથવા પરીક્ષામાં રોકાયેલ અધિકારી/કર્મચારીને પરીક્ષાર્થીઓ માટે જરૂર પડે પ્રાથમિક આરોગ્ય કીટ વ્યવસ્થા સહિતની આનુષાંગિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ અવસરે પ્રમુખશ્રી સી સી શેઠ,ચિફ કમિશ્નરશ્રી અતુલભાઇ દીક્ષિત ભારત સ્કાઉટ ગાઈડ સંઘ,જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મીતાબેન ગઢવી, મંત્રીશ્રી મધુકર ખમાર,આચાર્યશ્રી દિનેશ પ્રજાપતિ,સુપરવાઇઝરશ્રી પ્રદીપ દેસાઈ સહિત શાળાના શિક્ષકશ્રી તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# રાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રેસર ગુજરાતનું દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકા યોગદાનઃ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત

વિધાનસભા ખાતે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સંબોધન માટે આભાર પ્રસ્તાવની ચર્ચામાં સહભાગી થતા ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની દુરંદેશી વિચારધારાના પરિણામે વર્ષ ૨૦૦૩થી ગુજરાતની વણથંભી વિકાસયાત્રા શરૂ થઇ હતી. જેને સરળ, મક્કમ અને નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ રાજ્ય સરકાર તેજ ગતિથી આગળ વધારી રહી છે. ‘સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ’ના મંત્રને વરેલી રાજ્ય સરકારે આરોગ્ય, શિક્ષણ, આંતર માળખાકીય સુવિધાઓ, ઔદ્યોગિક, નીતિગત, સામાજિક જેવા તમામ ક્ષેત્રોમાં ઐતિહાસિક અને પરિવર્તનશીલ કામગીરી તેમજ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા લોકહિતના અનેક કામો કરી રહી છે.

ઉદ્યોગ મંત્રીશ્રી રાજપુતે જણાવ્યું કે, ગુજરાતે તમામ બાબતોમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અગ્રેસર રહી વિશ્વ ફલક ઉપર પોતાની અલગ ભાત ઉભી કરી છે. રાજય એક તરફ ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે, તો બીજી તરફ રોજગારીની નવી તકો ઉભી થઇ રહી છે. ભારતની માત્ર ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત હવે દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપી રહ્યું છે.

ઉદ્યોગ મંત્રીશ્રીએ કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળ વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૩ સુધી ગુજરાતમાં વિકાસના નવા અધ્યાયની શરૂઆત થઈ. તેમના બહોળા સામાજિક અનુભવ, વહીવટી કુશળતા, સંશાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની આવડત અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને કારણે છેવાડાના માનવી સુધી વિકાસની તકો પહોંચી છે.

આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ, વન મહોત્સવ, કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, નિર્મળ ગુજરાત જયોતિર્ગ્રામ યોજના, ખેલ મહાકુંભ, સુજલામ-સુફલામ યોજના, વનબંધુ કલ્યાણ યોજના અને બેટી બચાવો-બેટી પઢાવો જેવી અનેક ઐતિહાસિક પહેલોના કારણે ગુજરાતમાં મહત્વપૂર્ણ પરિવર્તનો જોવા મળી રહ્યા છે. જેના પરિણામે અન્ય રાજયોનું ધ્યાન પણ ગુજરાત તરફ આકર્ષાયું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાતના આયોજન વિશે જણાવતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં રહેલી વિકાસની વિશાળ તકના પરિણામે વિશ્વના રોકાણકારો, ઉદ્યોગકારો અને મલ્ટીનેશનલ કંપનીઓનું ધ્યાન ગુજરાત તરફ આકર્ષાયુ છે. ગુજરાતના વિકાસ માટે યોજનાઓની સાથે-સાથે નીતિગત સુધારાઓ,



માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગના લીધે ઈચ્છીત લક્ષ્યાંક પ્રાપ્ત થયાં છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છેલ્લા દોઢ દાયકાથી ભારતને વિકસિત અને સમૃદ્ધ દેશ બનાવવાની દિશામાં દિવસ-રાત અથાગ મહેનત કરી રહ્યાં છે. ગુજરાતથી શરૂ થયેલી વિકાસયાત્રાને ભારતના પ્રત્યેક રાજ્ય-નાગરિક સુધી પહોંચાડી “વિકસિત અને આત્મનિર્ભર ભારત” બનાવવાનો માર્ગ મોકળો થયો છે. જનધન યોજના, સ્કિલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્વચ્છ ભારત મિશન, મુદ્રા, ઉજાલા, ઉજ્જવલા યોજના, સ્માર્ટ સિટી મિશન, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા જેવી અનેક લોકકલ્યાણકારી યોજનાઓના પરિણામે નાગરિકોના જીવનધોરણ સુધર્યા અને જનસામાન્યની સ્થિતિમાં ઐતિહાસિક પરિવર્તનો આવ્યાં છે. ભવિષ્યના વિકસિત ભારત માટે ઉત્તમ માનવ સંશાધન તૈયાર કરવા માટે ગુજરાતમાં ચોક્કસ ક્ષેત્રો માટે વિશિષ્ટ અભ્યાસક્રમો ચલાવતી યુનિવર્સિટીઓ જેવી કે, રક્ષાશક્તિ યુનિવર્સિટી, પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટી, લકુલિશ યોગ યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી જેવી અનેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, આધુનિક સમયમાં વપરાતી ટેકનોલોજીના અભ્યાસક્રમોથી યુવાનોને સજ્જ કરવામાં આવે છે. જીવનનિર્વાહની સાથે ઉચ્ચ કૌશલ્ય દ્વારા વધુ આવક પ્રાપ્ત કરી શકે તે માટે સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરી ગુજરાતે એક નવી પહેલ કરી છે. આ યુનિવર્સિટીમાં એ.આઇ., ડ્રોન, માનવ સંશાધન, મેનેજમેન્ટ, ફાઈનાન્સ, કમ્પ્યુટીંગ, હેલ્થકેર, એગ્રીસાયન્સ, મેન્યુફેક્ચરીંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અભ્યાસક્રમોમાં સર્ટીફિકેટ, ડિપ્લોમાં અને ડીગ્રી કોર્ષ ચલાવવામાં આવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, ભારત એટલે સોને કી ચીડીયા, જયાં ઘી અને દુધની નદીઓ વહેતી હતી. જયાં ચલણમાં સોનામહોર ચાલતી હતી. નાલંદા, તક્ષશિલા જેવા વિશ્વ વિદ્યાલયો જયાં હતા તેવા સમૃદ્ધ ઐતિહાસિક વારસાને સતત વિદેશી આક્રમણોએ લગભગ ખતમ કરવાના આરે લાવી દીધો હતો. આઝાદી બાદની સરકારોએ પણ તેને બચાવવા ખાસ કાંઇ કર્યુ નહોતું પરંતુ ત્યારબાદ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ આ ઐતિહાસિક વારસાને જળવાઈ રહ્યો છે. સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર રાજ્ય એવુ છે જેને આગામી ૨૫ વર્ષનો વિકાસનો રોડમેપ તૈયાર કરવાનું બીડુ ઝડપ્યું છે. વિકસિત ભારત@૨૦૪૭ના વિઝન હેઠળ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનવાનું લક્ષ્ય રાખ્યું છે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને ૧૯ જેટલા દેશોએ સર્વોચ્ચ સન્માન આપ્યું છે. પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર રાજ્યના સર્વાંગી વિકાસના મીઠા ફળ તમામ નાગરિકોને મળી રહે તે માટે સતત અને સખત પરિશ્રમ કરી રહી છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં પાણી છલોછલ, પાક છલોછલ, વીજળી છલોછલ, ઉદ્યોગો છલોછલ, તિજોરી છલોછલ, નાગરિક સુવિધાઓ છલોછલ જેવી અનેક સુવિધાઓ છલોછલ છે. આમ, છલોછલ સરકારની છલોછલ કામગીરીનું પ્રતિબિંબ રાજયપાલશ્રીના પ્રવચનમાં છલોછલ દેખાઈ રહ્યું છે ત્યારે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે છલોછલ સમર્થન આપ્યું હતું.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




***NOG SS NO: 376***
વિષયઃ અંતરનાદ★
શીર્ષકઃ અંતરનો નાદ રટે★
પ્રકારઃ પદ્ય. શબ્દોઃ ૧૩૯★

અંતરનો નાદ રટે મારે મળવું તને શ્યામ,
એકવાર આવો મારે દ્વાર મારા શ્યામ.
બસ, એક વાર આવો મારે દ્વાર મારા શ્યામ ,
મમ કોડ પૂરા કરો મારા શ્યામ. અંતરનો નાદ.

રોજ સવારે હું તો ફૂલડાં રે વીણતી,
બપોરે મારા વ્હાલાને થાળ જમાડતી,
સાંજ પડે ને હું તો જોઉં તારી વાટ.
બસ, એક વાર આવો મારે દ્વાર મારા શ્યામ. અંતરનો નાદ...

રાત - દિવસ તારી માળા હું જપતી,
જ્યાં જોઉં ત્યાં તારી ઝાંખી હું કરતી,
છોડી દીધી ચિંતા મેં તો જગ કેરી શ્યામ.
બસ, એક વાર આવો મારે દ્વાર મારા શ્યામ. અંતરનો નાદ...

લગની લાગી છે મને મારા રે શ્યામની,
લોકલાજ છોડી મેં તો આખા રે ગામની,
હું તો રટના રટુ મારા વહાલા રે ઘનશ્યામ.
બસ, એક વાર આવો મારે દ્વાર મારા શ્યામ. અંતરનો નાદ...

અપેક્ષા શાહ "શ્રીજી"અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 345**
વિષયઃ અંતરનાદ
શીર્ષકઃ વિલાપ
પ્રકારઃ પદ્ય - શબ્દોઃ૧૩૨

કરવી મારે અંતરનાદની વાત, આંખે આંસુની ધાર,
હરહર ભોળા મહાદેવ, આ મહાશિવરાત્રિની રાત.

વેદના ટપકે પીડા થાય, મતિ મારી ગઈ છે મુંજાય,
પગે લાગું ભોળાનાથ, હિંમત મારે કરવી આજ.

તૂટી ગઈ અણધારી શ્વાસની દોર, પતિ ભગવાન,
ખબરું પડે ના મુજને કાંઈ, નયન વરસે ચોધાર.

વિચારી મારી નજરું દુઃખી, શક્તિ હું ગોતું નાથ,
સૃષ્ટિ સર્જનહાર પરમપિતા પરમેશ્વર તું કહેવાય.

લખ્યા વિધાતાએ લેખ, મારી શકે ના કોઈ મેખ,
વ્હારે ચઢજે પ્રભું,પડીને ઊભા થાવું મારે આજ.

બનજે તું મારા આંધળાની લાકડી માગું તારો સાથ,
હરહર મહાદેવ ભોળા, તું ભોળાનો ભગવાન.

જિંદગી તારી આપેલ દેન, તું દયાળુંને દાતાર,
કરે તું કસોટી સાચાની, પડી ટેવ તને ન ભુલાય.

માગું એટલું વરદાન,માળો વીંખીશ નહિં સર્જનહાર
લાગણી કરે છે વિલાપ, આંસુડે જોડી તને બે હાથ.

હંસા ઝાલા "લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0 : 089**
વિષય અંતરનાદ
શીર્ષક. એકની એક
પદ્ય શબ્દો ૯૫
—
હું એકની એક મારા અગણિત નામ છે
નાના મોટા અબાલ વૃદ્ધ સહુમાં સમાન છે
રુપ રંગમાં નહી ફરક પણ ભિન્ન તેનો રુઆબ છે

દીકરી બહેન પત્ની માતા જૂજવા તેના રુપ છે
દેરાણી જેઠાણી નામે તે પંકાય છે
રુપ રંગમાં નહી ફરક પણ ભિન્ન તેનો રુઆબ છે

ઘડીમાં કાકી ઘડીમાં ફોઈ મા સાસુ ઉપનામ છે
દાદી નાની થઈને સુગંધ ઉમેરાય છે
રુપ રંગમાં નહી ફરક પણ ભિન્ન તેનો રુઆબ છે

મિત્ર બનીને યશની કલગી શિર ઉપર સોહાય છે
શ્રીજી શરણે શિર નમાવી કર્યો તેનો સ્વીકાર છે
રુપ રંગમાં નહી ફરક પણ ભિન્ન તેનો રુઆબ છે

પ્રવિણા કડકિઆ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : આંતરનાદ
શીર્ષક : આંખોમાં વરસાદ બોલે છે.....
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૪૧

ક્યારેક વાદ બોલે છે તો ક્યારેક જૂના વિખવાદ બોલે છે
દુવાઓ બધી નિષ્ફળ જાય ,જ્યારે નાભીનાદ બોલે છે.

એક પેઢી શું ,સાત પેઢી સુધી ભોગવવું પડે જખ મારી ને,
જ્યારે યતિમો નો આત્મા કકળે ત્યારે આંતરનાદ બોલે છે.

શાંતિ નથી મળતી ક્યાંય, ભલે ભર્યા હોય દૌલતના ભંડાર,
ઘરો ના ઘર ઉજડી ગયા, જ્યારે ભીતરનો વિવાદ બોલે છે.

ખામોશ રહો તો આંખો પણ હૃદય ની વાત કહી જાય છે
જ્યારે હોઠો રાખે અકળ મૌન ત્યારે આંખો સંવાદ બોલે છે.

આક્રોશ ફાટી નીકળે જ્યારે વેદના આપણી કોઈ વાંચે નહી,
જ્યારે બહેરા કાને અથડાય અવાજ ત્યારે ફરિયાદ બોલે છે.

સ્વર્ગ જેવા સ્વર્ગને પણ ઠોકર મારતા વિચારતો નથી માનવી,
મર્યા પછી પણ પાછો ફરે ત્યારે દિલમાં કોઈની યાદ બોલે છે.

"મિત્ર" કેટલું કઠીન હોય છે છાતીમાંથી સ્મરણો ભુંસી નાખવુ,
ભુલવા ચાહોને ના ભુલી શકો ત્યારે આંખમાં વરસાદ બોલે છે.
વિનોદ સોલંકી " મિત્ર " લખતર.

# ક્યારે સુધરીશ

એક વાતમાં બદલાવ લાવવાનો હોય તો સમજ્યા મારા ભાઈ ! દરેક વાતમાં અલગ દેખાય તો ઉપાય કેવી રીતે શોધવો ? આ હવે ઘર ઘરની કહાની છે. જુવાન બાળકો સમજે છે, 'મા બાપને કશું આવડતું નથી'. ભૂલી જાય છે તેમને આ જગ્યાએ પહોંચાડવામાં માતા અને પિતા જિંદગી તેમજ પૈસા ખર્ચે છે. ખેર આ ચરચાનો વિષય નથી. આ દુનિયામાં બધા કોરી પાટી જેવા આવ્યા હોય છે.

' મમ્મી તું ક્યારે સુધરવાની ?'

આ વાક્ય સાંભળીને ચેતનાના હોશ ઉડી ગયા. ગઈ કાલ સુધી લંગોટિયામાં ફરતી, ચાલતા કે ખાતા આવડતું નહી એ નેહા આજે આવું કહી રહી છે ! માની લીધું કે આજે ડોક્ટર થઈ ગઈ. તેની પાછળ પૂરી જુવાની અને પૈસ્સ પાણીની જેમ ખરચી નાખી હતી.

શું આવા વાક્ય સાંભળવા માટે ? ચેતના એ જવાબ આપવાનું ઉચિત ન માન્યું. નેહા તેની નજિક આવિને બોલી ,'મમ્મી તું સાભળતી નથી. હોસ્પિટલથી આવી સખત ભૂખ લાગી છે, અને તે આજે દાળ ઢોકળી બનાવી' ?

'બેટા મારી તબિયત સારી ન હતી. શાકવાળો આવ્યો ન હતો. મારામાં બજાર જવાની શક્તિ ન હતી. થયું દાળઢોકળી બનાવું ,શાકની જરુર નહી પડે'. કહીને ચેતના ચૂપ થઈ ગઈ.

મોઢું બગાડીને નેહા ખાવા બેઠી. સ્વાદિષ્ટ દાળઢોકળી ખાઈને તન બદન ખુશ થઈ ગયું. વખાણ કરવાને બદલે પગ પછાડીને પોતાના રુમમાં જતી રહી.
ચેતના વિચારી રહી, ' નેહા, નિખિલના પ્યારની નિશાની હતી. તેને માટે આખી જિંદગી મહેનત કરી નિખિલનું સ્વપ્નું પુરું કર્યું હતું. નિખિલ પણ ડોક્ટર હતો. દવાખાનામંથી એક દર્દી દ્વારા શિંગલ્સનો ચેપ લાગી ગયો. અંતે તેનો જાન લઈને ગયો.

નિખિલની નવી પ્રેક્ટિસ હતી. સારી ચાલતી હતી. નેહા દસ વર્ષની થાય એ પહેલાં તે જતો રહ્યો. રુપિયાના ત્રણ અડધા લાવતી ચેતનાએ આગળ પાછળનો વિચાર કર્યા વગર દીકરીને ભણાવી.
આજે દીકરી વારે વારે માનું અપમાન કરે છે. જાણે ડોક્ટર થઈ એટલે એના




માથે શિંગડા ન ઉગ્યા હોય ? ચેતના, મનોમન નક્કી કરી સૂવા જતી રહી.

નક્કી તો કર્યું પણ નેહાને ખૂબ પ્રેમ કરતી હતી. તેને માફ કરીની રોજિંદી જિંદગીમાં વ્યસ્ત થઈ ગઈ. હોસ્પિટલમાંથી ફોન આવ્યો. 'મમ્મિ મારું સ્ટેથોસ્કોપ ક્યાં છે"?

'અરે બેટા, તું કાલે રાતના મને તપાસવા આવી ત્યારે મારા રુમમાં ભૂલી ગઈ હતી. મેં સવારે ઊઠીને જોયું તું ઘરેથી નિકળી ગઈ હતી.'

'મમ્મી તારે મને પાછું આપવું જોઈએ ને ? તું સાવ એવીને એવી રહી. કહી ફોન મૂકી દીધો.

ચેતના વિચારી રહી, આમાં શું મારો વાંક હતો ?
જુવાન લોહી વાતવાતમાં ગરમ થઈ જાય. દોષનો ટોપલો હંમેશા બીજા પર ઢોળે. ચેતના અંદરથી સળગતી હતી. દીકરીને કશું કહી શકતી નહી. ફરિયાદ પણ કોને કરે ? શું પોતાના પેટની જણીની ફરિયાદ કોઈને કરી શકાય ?
હે, ઈશ્વર તું જુએ છે. એક દિવસ તેને સદબુદ્ધિ આપજે. મેં તો હવે આશા છોડિ દીધી છે
આ તો કહેવાય નહી અને સહેવાય નહી એવું દુખ છે. સૂવાની કોશિશ કરી રહી હતી. પણ નિંદર સો જોજન દૂર હતી.

પ્રવિણા,કડકીયા ,અમેરીકા

# આર્કિટેક્ચર અને સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે નિરમા યુનિવર્સિટી ખાતે કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ માટે બિલ્ડીંગ ઈન્ફર્મેશન મોડેલિંગ (બિમ્સ) પર એક તાલીમ કાર્યક્રમ નું આયોજન થયું



આર્કિટેક્ચર અને સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે નિરમા યુનિવર્સિટી ખાતે કન્સ્ટ્રકશન મેનેજમેન્ટ માટે બિલ્ડીંગ ઈન્ફર્મેશન મોડેલિંગ (બિમ્સ) પર એક તાલીમ કાર્યક્રમ નું આયોજન થયું - આવતીકાલના કન્સ્ટ્રક્શન લીડર્સની તૈયારી માટે આ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

નિરમા યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર કન્ટીન્યુઇંગ એજયુકેશન દ્વારા કન્સ્ટ્રકશન મેનેજમેન્ટ માટે બિલ્ડીંગ ઈન્ફોર્મેશન મોડલિંગ (બિમ્સ) પર બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ વર્કશોપ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્કિટેક્ચર એન્ડ પ્લાનીગ દ્વારા સંયુક્ત રીતે ડો.લુકમાન મન્સુરી (સિવિલ એન્જીનીયરીગ વિભાગ) અને એ.આર. બિશ્વનાથ મુડી (ઇન્સ્ટિટ્યુટ ઓફ આર્કિટેક્ચર એન્ડ પ્લાનિંગ) ના સંકલન હેઠળ યોજવામાં આવી હતી. પ્રોગ્રામે બિમ્સ-આધારિત બાંધકામ પ્રોજેક્ટ મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ઈીટૃં સોફ્ટવેરમાં હાથથી તાલીમ આપી હતી. વિદ્યાર્થીઓએ ૪઼ઢ અને ૫઼ઢ બિમ્સ એપ્લિકેશન્સ વિશે શીખ્યા, જે શેડ્યુલિંગ અને ખર્ચ અંદાજ ક્ષમતાઓ સાથે પરંપરાગત ૩઼ઢ મોડલ્સને વધારે છે. વર્કશોપમાં ઉભરતી ટેક્નોલોજીઓ સાથે એકીકરણ, અદ્યતન વિઝ્યુલાઈઝેશન અને ટકાઉ બાંધકામ પ્રથાઓ સહિત વર્તમાન ઉદ્યોગ પ્રવાહોને આવરી લેવામાં આવ્યા હતા.આ પહેલ આર્કિટેક્ચર, એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન (છઈઝ) સેક્ટરમાં બિમ્સ અપનાવવા માટેના વધતા વૈશ્વિક આદેશને પ્રતિબિંબિત કરે છે.

# ૩૬ માં આંતરરાષ્ટ્રીય માનવ એકતા સંમેલન ની જબરજસ્ત સફળતા ના દરમ્યાન વિશ્વના પ્રમુખ ધાર્મિક નેતા ઓએ શાંતિ અને એકતાની પ્રતિજ્ઞા લીધી




સંત દર્શન સિંહજી ધામ, બુરાડી, દિલ્હીમાં આયોજિત ૩૬ માં આંતરરાષ્ટ્રીય માનવ એકતા સંમેલનમાં વિશ્વભરમાંથી આવેલા અનેક ધાર્મિક નેતાઓ અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ ભાગ લીધો, જે વિશ્વ શાંતિ અને માનવ એકતા પર પોતાના વિચારો રજુ કરવાના માટે વિશ્વના સૌથી મોટા મંચ પર એકત્રિત થયા હતા. સાવન કૃપાલ રુહાની મિશન ના પ્રમુખ અને આંતરરાષ્ટ્રીય માનવ એકતા સંમેલન ના અધ્યક્ષ પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજ ના સાનિધ્યમાં ૨૨- ૨૪ ફેબ્રુઆરીએ ૩૬ માં આંતરરાષ્ટ્રીય માનવ સંમેલન દરમિયાન પ્રભુ પ્રેમ અને માનવ એકતા ના વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

આ સંમેલન વિશ્વધર્મ સંઘ અને માનવ એકતા સંમેલન ના સંસ્થાપક અધ્યક્ષ પરમ સંત કૃપાલ સિંહજી મહારાજ ના ૧૩૧ માં પ્રકાશ પર્વના અવસર પર આયોજિત કરવામાં આવ્યું હતું. જેમને ફેબ્રુઆરી ૧૯૭૪ માં પ્રથમ માનવ એકતા સંમેલન આયોજિત કર્યું હતું. આ અવસરના મહત્વને વધારતા આ કાર્યક્રમમાં સંત દર્શન સિંહજી ધામ ના ઉદઘાટન નો ૨૫ મો વર્ષ પણ મનાવવામાં આવ્યું જે દયાલ પુરુષ સંત દર્શન સિંહજી મહારાજના સન્માનમાં સ્થાપિત રૂહાની થી ભરપૂર એક આધ્યાત્મિક સ્થળ છે. ૨૫ વર્ષોથી આ સ્થળ દુનિયાભરના સાધકો માટે શાંતિ, ધ્યાન અને આધ્યાત્મિક વિકાસનું પ્રતિક રહ્યું છે. ભારત તથા વિદેશથી આવેલા વિશાળ જન સમૂહને સંબોધિત કરતા પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજે પ્રેમ, એકતા અને જ્ઞાનના સિદ્ધાંતોના અનુસાર જીવન જીવવાના મહત્વ પર ભાર આપ્યો.

પરમ પૂજનીય સંત રાજીન્દર સિંહજી મહારાજે ઉદ્ઘાટન ના અવસર પર પોતાના સંદેશમાં કહ્યું કે,×પરમ સંત કૃપાલ સિંહજી મહારાજે આપણને પોતાને ઓળખવા તથા આત્મજ્ઞાન તથા પ્રભુ પ્રાપ્તિના માર્ગ પર ચાલવા માટે આગ્રહ કર્યો, તેમનો વિશ્વ વ્યાપી સંદેશ×એક બનો, નેક બનો, એક રહો×જીવનના સાચા અર્થને દર્શાવે છે અને આપણને તેમના પ્રકાશ પર્વ ના સન્માનમાં પોતાના જીવનમાં ધારણ કરવું જોઈએ. તેમણે આપણને સમજાવ્યું કે ધર્મ અને રંગ ના બાહ્ય મતભેદ હોવા છતાં આપણે બધા પ્રભુ ના દિવ્ય પ્રેમના રેશમી દોરા થી બંધાયેલા છીએ. આત્માના રૂપમાં આપણે પિતા પરમેશ્વર ના અંશ છીએ પરંતુ આ દુનિયાના આકર્ષણ ઘણીવાર આપણને આ વાસ્તવિકતા થી અજાણ રાખે છે. ધ્યાન અભ્યાસ ના માધ્યમથી આપણે પોતાની એકતાના પ્રત્યે જાગૃત થઈએ છીએ અને પ્રભુની દિવ્ય સત્તાને પોતાના અંતરમાં અનુભવ કરીએ છીએ. તેઓ ઘણીવાર કહ્યા કરતા હતા કે આપણે પ્રભુ પ્રાપ્તિના પોતાના જીવનના સર્વોચ્ચ લક્ષને પૂરું કરવા માટે પ્રતિદિન ધ્યાન અભ્યાસ કરવું જોઈએ×

પરમ પૂજ્ય સંત રાજીન્દર સિંહજી મહારાજે ઉપસ્થિત બધા ભાઈ બહેનો બંને સમારોહની શુભકામના આપી અને આ મહાન સંતો દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવા માટે પ્રોત્સાહિત કર્યા. પૂજ્ય સંત રાજીન્દર સિંહજી મહારાજે પોતાના સંદેશમાં કહ્યું કે ×પરમ સંત કૃપાલ સિંહજી મહારાજે પોતાનું જીવન લાખો લોકોને પ્રભુ પ્રાપ્તિ ના રસ્તા પર માર્ગદર્શન કરવા માટે સમર્પિત કરી દીધું. તેઓ પ્રભુના પ્રકાશના કિરણ હતા જેમણે આપણી આત્મા ના અંધકાર ને પોતાના જ્ઞાન થી દૂર કરીને આપણા જીવનને પ્રકાશિત કર્યું. પિતા પરમેશ્વર આવા સંતો મહાત્માઓને માનવતાની પ્રગતિ માટે આ ધરા ઉપર મોકલે છે.

# સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાત દ્વારા શ્રી સોનેશ્વર મહાદેવ મહાદેવીયા ના આંગણામાં શિવરાત્રી મહાપર્વની શિવ ભક્તોના માધ્યમથી કરવામાં આવી ભવ્ય ઉજવણી

ડીસા નગરના ગૌભક્ત ભાગવત વક્તા શ્રી પૂજ્ય યશવંત શાસ્ત્રીજી મહારાજ સંચાલક શ્રી સુખદેવ સેવા સંસ્થાન ડીસાના ના માધ્યમથી સનાતન ધર્મના પ્રચાર હેતુ તથા ગૌ માતાની સેવા હેતુ ભિન્ન ભિન્ન ધાર્મિક સ્થાનોમાં સમાજના સેવકોને એકત્રિત કરીને સેવા કાર્ય કરી રહ્યા છે તે ઉદ્દેશ્ય ને ધ્યાનમાં લઇ ડીસા નગર બનાસ નદીના તટ પર આવેલ શ્રી સોનેશ્વર મહાદેવ માં અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલયના પૂર્વ પ્રધાન આચાર્યશ્રી નારાયણ પ્રસાદ શાસ્ત્રીજી મહારાજની વેદવાણીથી સમસ્ત શિવભક્તોને સર્વ જન હિતાય રુદ્ર મહા અભિષેક તથા મહારુદ્રની શોડશો પચાર પૂજા કરવામાં આવી હતી તથા સવારે ૯:૦૦ કલાકથી લઈને ૧૨:૩૦ કલાક સુધી શ્રી મણીધર ગોગા મહારાજના આંગણામાં સમસ્ત લાભાર્થી શિવભક્તોને રુદ્ર મહાયજ્ઞ કરાવ્યો હતો, તે પ્રસંગે જીડી મોદી કોલેજના પ્રોફેસર શ્રી રાધા બેન પટેલ તેમની સમસ્ત સખીઓ તથા શ્રી કૃષ્ણ ભક્ત લીનાબેન મુકેશભાઈ શાહ સહિત લોક કલ્યાણ અર્થે એવમ સર્વ જન હિતાય મહાયજ્ઞમાં આહુતિ પ્રદાન કરી હતી,, તથા મહાયજ્ઞમાં મુખ્ય પ્રતિનિધિ યજમાન તરીકે ખેમચંદભાઈ દેવડા, મેવાડા કુલિંગ સેન્ટરના ચેરમેન શ્રી રાધેશ્યામભાઈ મેવાડા, શ્રી અશોકભાઈ ચાવડા, શ્રી દિનેશભાઈ મોદી, શ્રી કિશોરભાઈ ચૌહાણ, તથા ભટીયાણી માતાના પરમ ભક્ત શ્રી વીણાબેન દવે, એવમ શ્રી રમેશભાઈ દવે ,શ્રી સેજલબેન, શ્રી નરેન્દ્ર ભાઈ ઠક્કર, સહિત સમસ્ત શિવ ભક્તોએ સાથે મળીને રુદ્ર મહાયજ્ઞ ની પૂર્ણાહુતિ કરી હતી તથા સમસ્ત ભક્તો માટે સુંદર મજાની ફરાળ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી રાત્રે ૯:૦૦ કલાકે સોનેશ્વર મહાદેવના શિવલિંગ પર સર્વે ભક્તો દ્વારા વિવિધ પ્રકારની ઔષધીઓથી રુદ્રાભિષેક કરવામાં આવ્યો હતો,, તથા રાત્રિના સમયમાં ભજન સત્સંગ કીર્તન મહાઆરતી નું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું શિવરાત્રી જાગરણ ભજનમાં સરસ્વતી બિટ્સ ના શ્રી રાજુભાઈ લીમ્બાચીયા શ્રી જાગૃતિબેન લીમ્બાચીયા શ્રી કિશોરભાઈ ચૌહાણ શ્રી સંજયભાઈ બારોટ તથા પૂજ્ય શ્રી યશવંત જી મહારાજે ભજનની ભક્તોમાં રમઝટ માણી હતી, શિવરાત્રી ઉત્સવમાં શ્રી રીટાબેન મેવાડા દ્વારા શુદ્ધ માટી થી શિવ ભક્તોને પૂજા હેતુ મહાદેવની મૂર્તિ બનાવવામાં આવી હતી આ મહા પ્રસંગના મુખ્ય લાભાર્થીઓ શ્રીમાન વિનોદભાઈ કનૈયાલાલ બાગરેચા, શ્રી સોમનાથ ભાઈ પંડ્યા કોલાપુર, શ્રી રમેશભાઈ સરદારજી રાવ અમદાવાદ, શ્રી રૂપાજી માળી ખેતુ ટ્રેડિંગ કંપની ડીસા, શ્રી હિતેશભાઈ પટેલ કેનેડા, બ્રહ્મ સમાજના આગેવાન શ્રી હરેશભાઈ જોશી, શ્રી અજયભાઈ માળી આશીર્વાદ ટ્રેડિંગ કંપની ડીસા, વૈદ્ય શ્રી લોપાબેન કિરણભાઈ પટેલ, શ્રી તારાચંદભાઈ ઠક્કર જલારામ ટ્રેડિંગ ડીસા, શ્રી ખીમસીહ જી રાઠોડ ,શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી મેંગારામ પટેલ, શ્રી તુષારભાઈ ઓઝા, શ્રી લીલાબેન શાહ ,શ્રી ખેંગારભાઈ પટેલ, શ્રી માવજીભાઈ પટેલ સરકારી ગોળીયા, શ્રી પિન્કીબેન રોહિતભાઈ પટેલ , શ્રી માયાબેન મોહનભાઈ ખત્રી, શ્રી ખેતાજી તેજાજી માળી શ્રી નરસંગભાઇ રથવી ,શ્રી પોકારામ ચૌધરી, શ્રી ઈન્દિરાબેન મેવાડા શ્રી હેતલબેન હરેશભાઈ જોશી, શ્રી ખીમારામ ચૌધરી, શ્રી ઉમંગભાઇ મોદી, પાક શાસ્ત્રી શ્રી અમૃતભાઈ સુથાર, શ્રી ભેરુસિંગજીરાવ સુરત, તેમજ શ્રી નરેન્દ્ર ભાઈ શાહ ગુંટુર સહિત સમસ્ત શિવભક્તો દ્વારા સુખદેવ સેવા સંસ્થાન ટ્રસ્ટ ગુજરાત ને સેવા સહયોગ સમર્પિત કર્યો હતો આ શુભ પ્રસંગમાં શ્રી વિપુલભાઈ મોદીએ પોતાની ઉપસ્થિતિ દર્શાવી હતી.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

Gujarat Tourism



# શ્રીમતી દ્રૌપદી મુર્મુ

## ભારતના માનનીય રાષ્ટ્રપતિનું

## ગુજરાતના ધોરડોમાં આયોજિત રણ ઉત્સવમાં ભાવભર્યું સ્વાગત છે.

કચ્છના અલૌકિક સફેદ રણમાં
ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો ઉત્સવ ઉજવાશે.

**28મી ફેબ્રુઆરી, 2025**

રણ ઉત્સવ, કચ્છની સંસ્કૃતિ અને કલાનું જીવંત સ્વરૂપ છે, જે સદીઓ જૂના વારસાને એક યાદગાર અનુભવમાં ભેળવી સમગ્ર વિશ્વને પોતાના તરફ આકર્ષિત કરે છે. માનનીય રાષ્ટ્રપતિની મુલાકાત કાલાતીત પરંપરા, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક વૈભવની ઉજવણીમાં વધુ એક અવિસ્મરણીય પ્રકરણ ઉમેરે છે.






### સતત વિકસતો ઉત્સવ

વર્ષ 2005-06માં 2 દિવસીય કાર્યક્રમથી લઇને વર્ષ 2024-25માં 3 મહિના ચાલતા મહોત્સવમાં આ વર્ષે 10 લાખથી વધુ મુલાકાતીઓ આકર્ષિત થયાં.

### કારીગરોને સશક્ત બનાવવા

વૈશ્વિક બજારોમાં સીધી પહોંચ સાથે પરંપરાગત હસ્તકલા વધુ વિકસી રહી છે.

### સંસ્કૃતિ આધારિત અર્થતંત્ર

ભુંગાથી લઈને ઇકો-રિસોર્ટ્સ—જ્યાં વારસો અને આધુનિક માળખાગત સુવિધાઓનો સુમેળ થાય છે.

### વર્ષભર સમૃદ્ધિ

સમગ્ર વર્ષ દરમિયાન સ્થાનિક આજીવિકાને પ્રોત્સાહન મળતું રહે છે.

### વૈશ્વિક માન્યતા

ધોરડોને UNWTO દ્વારા શ્રેષ્ઠ પર્યટન ગામ તરીકેની માન્યતા આપવામાં આવી.

### સસ્ટેનેબલ પર્યટન

જવાબદાર આતિથ્યમાં નવા ધોરણો સ્થાપિત કરતું પર્યાવરણને અનુકૂળ ટેન્ટ સિટી.

DHORDO BEST TOURISM VILLAGE 2023 BY UNWTO

UNWTO World Tourism Organization

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.